૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન બ્લોક નં ૧૭ ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૨૫/આધાર નંબર/૨૦૧૬/૩૭૬૨-૩૮૦૦ તા.૨૯/૯/૨૦૧૬

## પરિપત્ર નં. ૪ /૨૦૧૬

વિષય:- રાજય સરકારનાં પેન્શનર/કુટુંબ પેન્શનરોનાં Database સાથે આધાર નંબર Link કરી DBT Mode પર Payment કરવા બાબત.

સંદર્ભ:- નાણાં વિભાગનાં તા.૨૨/૦૮/૧૬નાં પરિપત્ર ક્રમાંક: તજર/૧૦૨૦૧૩/૭૮૫(૨)(૪૯૫૨૦૨)(અપાર્ટ ફાઇલ)

ઉક્ત વિષય પરત્વે તમામ તિજોરી અધિકારીઓનું ધ્યાન દોરતા જણાવવાનું કે નાણાં વિભાગનાં સંદર્ભ દર્શિત ઠરાવથી રાજય સરકારનાં પેન્શનર/કુટુંબ પેન્શનરોના Database સાથે આધાર નંબર Link કરી DBT Mode પર Payment કરવા બાબતની સુચનાઓ આપેલ છે.

રાજય સરકારનાં પેન્શનર/કુટુંબ પેન્શનરોના Database સાથે આધાર નંબર Link કરવા બાબત તિજોરી અધિકારીશ્રી.(પેન્શન) કક્ષાએથી કરવાની થતી કાર્યવાહીની સુચનાઓ નીચે મુજબ છે. જેની અમલવારી તા. ૩૧/૧૦/૨૦૧૬ સુધીમાં પુરી કરવાની રહેશે.

- સબંધિત જિલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓએ નાણાં વિભાગનાં ઉપરોકત પરિપત્રથી પેન્શનર/કુટુંબ પેન્શનરોને અવગત કરવાનાં રહેશે.

- સબંધિત જિલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓએ તેઓનાં મારફતે પેન્શન મેળવાનાં પેન્શનર/કુટુંબ પેન્શનરો પાસેથી Unique Identification Authority of India દ્વારા આપવામાં આવેલ આધાર નંબરની નકલ તથા પેન્શન જે બેંકમાં જમાં થતું હોય તે બેંક એકાઉન્ટ સાથે Link કરવા બાબત સબંધિત પેન્શનર/કુટુંબ પેન્શનર પાસેથી આ સાથેનાં નિયત નમુનામાં Consent Letter મેળવી IFMS system માં ઉપલબ્ધ Database માં આધાર નંબર Feed કરવાનાં રહેશે.

- સબંધિત જિલ્લા તિજોરી અધિકારીઓ દ્વારા તેમનાં પેન્શનર/કુટુંબ પેન્શનરો પાસેથી આધાર નંબર મળવી IFMS Database માં કેટલા પેન્શનર/કુટુંબ પેન્શનરોનાં આધાર નંબર Feed કર્યા છે તે બાબતનાં રીપોર્ટ દર અઠવાડિયે (શુક્રવારે) આ સાથે સામેલ નમુનામાં હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીને મોકલી આપવાનાં રહેશે.

- પેન્શનરનું અવસાન થાય ત્યારે કુટુંબ પેન્શનરનો આધાર નંબર તથા Consent Letter મેળવી Database માં જરૂરી સુધારા કરવા બાબતની તકેદારી જિલ્લા તિજોરી કક્ષાએથી રાખવાની રહેશે.

સંયુકત નિયામક

પ્રતિ,

જિલ્લા/તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી/પેન્શન ચુકવણા /કચેરી..........................

નકલ રવાના:-

- સંયુક્ત નિયામકશ્રી, ઈડીપી સેલ ,હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર તરફ જાણ અર્થે તથા Database માં આધાર નંબર Feed કરવા માટેની જરૂરી સુચના આપવા સારૂ.
- નાયબ નિયામકશ્રી , એલ.એમ.શાખા, પેન્શન અને પ્રો.ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ અર્થે
- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી(પેન્શન) ,હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર તરફ જાણ અર્થે
- IFMS Help Desk
- સિલેક્ટ ફાઈલ

# આધારકાર્ડ પેન્શનર પાસેથી મળવા અંગેનો રીપોર્ટ

તિજોરી કચેરીનું નામઃ- ________________________________________

તારીખ.    /    /૨૦૧૬ સુધીમાં પેન્શનર પાસેથી મળેલ આધારકાર્ડનો રીપોર્ટ

| પેન્શનરોની કુલ સંખ્યા | આધાર નંબર રજુ કરેલ પેન્શનરોની સંખ્યા | કોલમ-(૨) દર્શાવેલ સંખ્યા પૈકી IFMS માં Feed કરેલ પેન્શનરોની સંખ્યા | આધાર નંબર રજુ કરવાનાં બાકી પેન્શનરોની સંખ્યા | આધાર નંબર રજુ કરેલ પેન્શનરોની ટકાવારી ( કોલમ-(૧) નાં સંદર્ભમાં) | આધાર નંબર રજુ કરવા બાબતે સંમતિ આપેલ ન હોય તેવા પેન્શનરોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | | |

જિલ્લા તિજોરી અધિકારી

# સંમતિપત

નામ:-

સરનામુ:-

તા.    /    /

પ્રતિ

જિલ્લા તિજોરી અધિકારીશ્રી,

જિલ્લા તિજોરી કચેરી,

. . . . . . . . . .

વિષય:-આધાર નંબર બેંક અકાઉન્ટ સાથે Link કરવાની સંમતિ આપવા બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે હું. . . . . . . . . . . . . . . . . . પીપીઓ નંબર. . . . . . . . . . . . . . . . . . . .હાલ IRLA/. . . . . . . . સ્કીમ હેઠળ . . . . . . . . . . . . .( બેંકનું નામ),. . . . . . . . . . . . . . . . . . .( બ્રાંચનું નામ), ખાતા નંબર. . . . . . . . . . . . . . . . માંથી પેન્શન મેળવું છું

નાણાં વિભાગનાં તા. ૨૨/૦૮/૧૬ નાં પરિપત્ર ક્રમાંક: તજર/૧૦૨૦૧૩/૭૮૫ (૨)(૪૯૫૨૦૨)ઝ (પાર્ટ ફાઇલ) માં જણાવ્યા અનુસાર આથી હું Unique Identification Authority of India ધ્વારા મને ઇશ્યુ કરવામાં આવેલ આધાર કાર્ડ નંબર . . . . . . . . . . . . . . . ( ઝેરોક્ષ નકલ સામેલ છે.) મારા ઉપરોક્ત બેંક એકાઉન્ટ સાથે Link કરવાની સંમતિ આપુ છુ.

આપનો વિશ્વાસુ

(                    )

બિડાણ:-

આધાર કાર્ડ નંબર. . . . . . . . . . . . . . ની નકલ